૧૫ માં નાણાપંચ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટ રાજ્યની પંચાયતી રાજ સંસ્થાઓના ૧૫ માં નાણાપંચ હેઠળ ખોલાવેલ બેંક ખાતામાં ગ્રાન્ટની સીધી ફાળવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક:ડીસીઓ/૧૦/૨૦૨૧/૧૩૬૮૮૨/બ સેલ
સચિવાલય,ગાંધીનગર
તા.૭/૦૮/૨૦૨૧

વંચાણે લીધા : (૧) ભારત સરકારના પંચાયતીરાજ મંત્રાલયનાં અધિક સચિવશ્રીનાતા.૭/૦૧/૨૦૨૧ ના અ.સ.પત્ર ક્રમાંક:N-19011(16)/8/2016-ePanchayat
(૨) ભારત સરકારના પંચાયતીરાજ મંત્રાલયનાં સંયુક્ત સચિવશ્રીના તા.૨/૦૨/૨૦૨૧ના અ.સ. પત્ર ક્રમાંક:N19011(16)/8/2016-e Panchayat
(૩) ભારત સરકારના પંચાયતીરાજ મંત્રાલયનાં અધિક સચિવશ્રીનાતા.૪/03/૨૦૨૧ ના અ.સ. પત્ર ક્રમાંક:N-19011(16)/8/2016-e Panchayat

<u>પરિપત્ર</u>

પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવાના હેતુથી ૧૫ માં નાણાપંચ અંતર્ગત Central Sponsored Scheme તરીકે રાજય સરકારને ૧૦૦ ટકા અનુદાન ફાળવવામાં આવે છે. ૧૫ માં નાણાપંચનો સમયગાળો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ થી શરૂ થઈ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીનો છે. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧ ને વચગાળાનાં વર્ષ તરીકે ગણવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે રાજય સરકારને ભારત સરકાર તરફથી રૂ.૩૧૯૫ કરોડ અનુદાનની ફાળવણી કરવામાં આવેલ છે. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ રૂ.૨૩૬૨ કરોડનું અનુદાન મળનાર છે. જે અંતર્ગત બેઝિક ગ્રાંટ પેટે રૂ. ૪૭૨.૪૦ કરોડનો પ્રથમ હપ્તો મળેલ છે.

૧૫ માં નાણાપંચ અંતર્ગત પંચાયતીરાજ સંસ્થાઓ દ્વારા આવક અને ખર્ચ અંગે ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર ડેટા એન્ટ્રી કરવામાં આવે છે. પંચાયતી રાજ મંત્રાલય દ્વારા ઓનલાઈન પેમેન્ટ ફરજીયાત બનાવતા ઓનલાઈન પેમેન્ટ થતાંની સાથે જ ખર્ચની નોંધ ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર થઈ જાય છે, પરંતુ પંચાયતી રાજ સંસ્થાઓને મળેલ નાણાપંચની ગ્રાંટની નોંધ મેન્યુઅલી કરવી પડે છે, જે મેન્યુઅલી ડેટા એન્ટ્રીના કારણે કેટલીક વાર મળેલ ગ્રાંટ કરતાં જુદી રકમની આવકની નોંધ સંબંધિત પંચાયતો દ્વારા થવાની શક્યતા રહેલ છે. જેના નિવારણના ભાગરૂપે પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સંદર્ભ;(૧) થી (૩) માં જણાવેલ પત્રોથી "Reverse Integration Mechanism" અમલમાં મુકવામાં આવેલ છે.

૧૫ માં નાણાપંચ અન્વયે અનુદાનની ફાળવણી બાબતે પી.ડી.એકાઉન્ટસ(પી.એલ.એ) મારફત કરવામાં આવતી અનુદાનની તબદિલીની પધ્ધતિને બંધ કરી સબબ અનુદાનની રકમ પંચાયતી રાજ સંસ્થાઓના ૧૫ માં નાણાપંચ અંતર્ગત ખોલાવેલ અલગ ખાતામાં જ સીધું અનુદાન ફાળવી શકાય તે રીતે રાજયની ટ્રેઝરી સિસ્ટમને પંચાયતી રાજ સંસ્થાઓના યુનિક એજન્સી કોડના ઉપયોગ દ્વારા પી.એફ.એમ.એસ. પોર્ટલ સાથે સંકલિત કરવા બાબતે પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકારના સંદર્ભમાં જણાવેલ પત્રોથી સુચના આપવામાં આવેલ છે, જેના અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ નક્કી કરવા સારુ વિકાસ કમિશ્નરશ્રીની કચેરીની દરખાસ્ત પરત્વે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નાણા વિભાગનું માર્ગદર્શન મેળવતા નીચે મુજબની કાર્યપધ્ધતિ અમલમાં મુકવા માટે જરૂરી સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે, જેની વિગતો નીચે મુજબ છે.

૧. ૧૫ માં નાણાપંચ અંતર્ગત મળેલ અનુદાનની ફાળવણીનો Flow નીચે મુજબ રહેશે.

૧.૧ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા રાજ્યના એકત્રિત ભંડોળમાં અનુદાનની ફાળવણી થશે.

૧.૨ નાણાં વિભાગ દ્વારા કેન્દ્ર સરકાર તરફથી મળેલ અનુદાન ગુજરાત સરકારના પંચાયત વિભાગને તબદિલ થશે.

૧.૩ પંચાયત વિભાગ દ્વારા સબબ અનુદાનની વિકાસ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્યને ફાળવણી કરવામાં આવશે.

૧.૪ વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના અનુક્રમે ૧૦%, ૨૦% અને ૭૦% ના હિસ્સા મુજબ સંબંધિત જિલ્લા માટેની સધળી રકમની અનુદાનની જિલ્લા પંચાયતને ફાળવણી કરવાની રહેશે.

૧.૫ ૧૫ માં નાણાપંચની ગ્રાંટ સીધે સીધી પંચાયતોના Bank ખાતામાં જમા થાય તે માટે ખાસ કિસ્સામા જિલ્લા પંચાયતોને ૧૫ માં નાણાપંચના Bill GTR-63 માં ઉગવવા તથા રકમ પંચાયતોના અલાયદા Bank ખાતામાં જમા કરાવવાની રહેશે.

૧.૬ જિલ્લા પંચાયત દ્વારા વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા મળેલ તમામ અનુદાનની રકમ સહાયક અનુદાનના બિલ દ્વારા તિજોરી કચેરી ખાતેથી રકમ ઉગવી જિલ્લા પંચાયતના પી.એલ.એમાં જમા ન કરાવતા સંબંધિત પંચાયતોના ૧૫ માં નાણાપંચ અંતર્ગત ખોલાવેલ બેંક ખાતાની વિગતો સાથેના પંચાયતનું લિસ્ટ સહિત ગુજરાત તિજોરી નિયમ(૬૩) મુજબનું બિલ તિજોરી કચેરી ખાતે રજુ કરી જિલ્લા પંચાયતને લગત ૧૦% અનુદાનની રકમ તેમજ તાલુકા પંચાયતના ૨૦% અને ગ્રામ પંચાયતના ૭૦% અનુદાનની રકમ સીધા જ સંબંધિત પંચાયતના ૧૫ માં નાણાપંચ માટેના અલાયદા બેંક ખાતામાં જમા લેવાના રહેશે.

૨. ૧૫ માં નાણાપંચ અંતર્ગત મળેલ અનુદાનની ફાળવણીનું IFMS માં અમલીકરણ નીચે મુજબ રહેશે.

૨.૧ જિલ્લા પંચાયતો દ્વારા IFMSમાં Beneficiary તરીકે તમામ જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતના નામ તેમજ ૧૫ માં નાણાપંચની ગ્રાંટ માટે ખોલાવેલ ખાતા નંબર, IFSC Code ની Entry કરી તેને મંજુર કરી Beneficiary- તરીકે ઉમેરવાના રહેશે.

૨.૨ જિલ્લા પંચાયતની સંબંધિત શાખા GTR-63 માં Bill તૈયાર કરી e-payment option select કરી જે જે જિલ્લા પંચાયતોને રકમ તબદીલ કરવાની હોય તેનું Beneficiary wise list GTR form 63 સાથે તૈયાર કરી Bill હિસાબી અધિકારી, જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા તિજોરી કચેરીને મોકલવાનું રહેશે.

૨.3 જિલ્લા તિજોરી કચેરી દ્વારા આ Bill Process કરી RBI e-kuber portal મારફત હાલની e-payment પધ્ધતિ મુજબ તમામ પંચાયતોના બેંક ખાતામાં રકમ જમા આપવાની રહેશે.

સદરહુ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ નં: ડીસીઓ / ૧૦ / ૨૦૨૧/૧૩૬૮૮૨/બ સેલ પર નાણાં વિભાગની તા.૨૧/૬/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયદીપ દ્વિવેદી)
અધિક સચિવ
પંચાયત,ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ

- રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન.વિધાનસભાના અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી
- તમામ મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી
- માન. વિરોધ પક્ષનાં નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ગુજરાત રાજયના સર્વે સંસદસભ્યશ્રીઓ

- ગુજરાત રાજયના સર્વે ધારાસભ્યશ્રીઓ
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સચિવાલયના સર્વે વિભાગો
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ(વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફતે)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર
- સંયુક્ત નિયામક (તિજોરી), હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- નાણાકીય સલાહકારશ્રી(પંચાયત), નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, "બ" શાખા
- સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઇટ પર મુકવા યોગ્ય કાર્યવાહી અર્થે
- શાખા સિલેક્ટ ફાઇલ